# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા ૨૧/૮/૨૦૨૩

- **સરકારને નાલોશીથી બચાવવા શૈક્ષણિક ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાનું કૌભાંડઃ શ્રી હેમાંગ રાવલ**
- **શાળાઓની જાણ બહાર શિક્ષણ વિભાગે જાતેજ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં ઓનલાઈન એડમીશન કરી દીધા.**
- **ડ્રોપ હાઉટ થયેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલી ને જણાવવાનું કે જો તમે તમારી જૂની શાળામાંથી એલ.સી. ન લીધું હોય તો જલ્દીથી એલ.સી. લઈ લો નહીતર તમારી જાણ બહાર તમારા પાલ્યને બીજીશાળામાં એડમીશનનો કારસો ઘડાઈ રહ્યો છે.**
- **સમગ્ર ગુજરાતના ડ્રોપઆઉટ વિધાર્થીનો સાચો આંકડો ૧ લાખથી પણ વધુ - શ્રી હેમાંગ રાવલ**

રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે અમદાવાદ જિલ્લાના ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ડ્રોપ આઉટ લીધો હતો તેની માહિતી કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવી હતી અને શ્રી વિનોદ રાવના આદેશથી DEO એ શાળાઓને વોઈસ મેસેજ મોકલ્યો હતો કે તે વિધાર્થીઓને શોધીને, ઘરે જઈને, રજીસ્ટર કરીને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડો. સામાન્ય સંજોગોમાં વાલીઓ શાળામાં એડમીશન લેવા આવે છે સાથે વિદ્યાર્થી હોય છે. ફોર્મ ભરે છે, ખાનગી શાળા હોય તો ફી ભરે છે અને ત્યારબાદ એડમીશન લે છે અને અંતમાં CRCને ઓનલાઈન એન્ટ્રી માટે માહિતી મોકલવામાં આવે છે. હાલમાં પ્રથમ ક્વાટર પણ પુર્ણ થયેલ છે ત્યારે ડ્રોપ આઉટ રેશિયો ઘટાડીને સરકારને નાલોશીથી બચાવવા શિક્ષણ વિભાગ અવનવા ગતકડા કરી રહ્યું છે.પરંતુ કથળતા શિક્ષણના લીધે વિધાર્થીઓએ અને વાલીઓએ પ્રતિભાવ ન આપતા DEO ના શિક્ષણ વિભાગના સ્ટાફ અને CRC એ વાલીઓ, વિદ્યાર્થીઓએ અને શાળાઓને જણાવ્યા વગર તે જ વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કરી દીધી. આજે સવારથી જ ખાનગી શાળાઓમાં શાળા દીઠ ૨૦-૨૫ એલ.સી. લઈ શિક્ષણ વિભાગના કર્મચારી આવે છે અને કહી રહ્યાં છે કે આ વિદ્યાર્થીઓને તમારે ભણાવવાના છે, અમે ઓનલાઇન એન્ટ્રી કરી દીધી છે. આચાર્ય જ્યારે પૂછે છે કે આ કોણ છે, અમે તે વિદ્યાર્થી, વાલીને ઓળખતા નથી, અમારે ત્યાં એક પણ વખત આવ્યા નથી ત્યારે તેમને જવાબ મળે છે કે એ બધી ચિંતા તમે ના કરો, બાળક તમારે ત્યાં આવે કે ન આવે આટલા વિદ્યાર્થીઓને તમારી શાળામાં દાખલ કરવાના છે અમોએ તમારી શાળાની ઓનલાઈન એન્ટ્રી કરી દીધેલ છે. તેમ કહીને એલ.સી. નો થપ્પો પકડાવી દીધો છે.

જ્યારે આ શાળાના સંચાલકો, આચાર્યએ આ વિદ્યાર્થીઓની ફી કોણ ભરશે અને ક્યારે ભરશે ત્યારે જવાબ મળ્યો કે જો ફી ન આવે અને ભવિષ્યમાં એલ.સી. લેવા આવે ત્યારે શું કરવું તે તમારા ઉપર છે. અમારે તો ઉપરથી આદેશ છે એટલે વિદ્યાર્થીઓને રજીસ્ટર કરી દીધા છે અને એલ.સી. જમા કરાવવાના છે.

આજે મીડિયાના માધ્યમથી હું વાલી તથા વિદ્યાર્થીઓને જણાવું છું કે જો તમે તમારી જૂની શાળામાંથી એલ.સી. ન લીધું હોય તો જલ્દીથી એલ.સી. લઈ લો નહીતર તમારી જાણ બહાર તમારા વિદ્યાર્થીને બીજીશાળામાં એડમીશનનો કારસો ઘડાઈ રહ્યો છે. જો શિક્ષણવિભાગના કર્મચારીઓ તમારા ઘરે એલ.સી. લેવા આવે તો તેમને પૂછજો કે જો વિદ્યાર્થી નવી શાળામાં દાખલ થાય તો તેની ફી ખાનગી શાળામાં મારે ભરવાની રહેશે કે ગુજરાતની ભાજપ સરકાર ચૂકવશે. ખાસ કરીને મારે વાલીઓને જણાવવાનું કે ભવિષ્યમાં ખાનગી શાળાઓ તેમની બાકી ફી લીધા સિવાય એલ.સી. છૂટું કરશે નહિ તે ધ્યાનમાં રાખીને આવનાર શૈક્ષણિક સ્ટાફને માહિતી આપવી.

ગુજરાત સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવના નામે તાયફા યોજી સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. શિક્ષણના બજેટ ફાળવણીમાં કરોડો રૂપિયાના મોટા મોટા દાવાઓ કરતી ભાજપ સરકાર ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખી રહી છે. એક તરફ શિક્ષણમાં ક્રાંતિકારી પહેલના નામે મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનો શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે. રાજ્યની ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ / બંધ કરવાનું પાપ કરવા આગળ વધતી ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ૧૬૫૭ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ?

ગુજરાતનું શિક્ષણ બોર્ડ પબ્લિસિટી માટે વારંવાર નવા નવા તઘલખી નિર્ણયો કરતું હોય છે ભૂતકાળમાં શિક્ષકો જોડે તીડ ભગાડવાનો પરિપત્ર,લગ્ન પ્રસંગે દિવસો જમણવારમાં કેટલી ડીશો થઈ છે તેનો પરિપત્ર, શિક્ષકોએ પોતાનો મોબાઈલ આચાર્યશ્રીને જમા કરાવવાનો પરિપત્ર, બાળકોના વજનથી માત્ર ૧૦% વજનનું દફતર હોવું જોઈએ તેવા પરિપત્ર ઘણીવાર વગર વિચારે કરવામાં આવે છે. પરંતુ આ બધું માત્ર પબ્લિસિટી માટે કરવામાં આવી રહ્યું છે કોઈ પણ પ્રકારનું ઈમ્પ્લીમેન્ટેશન થતું નથી, હકીકત તો એ છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ડ્રોપાઉટ રેશિયોનો જો સાચો આંકડો બતાવવામાં આવે તો સમગ્ર ભારતમાં સૌપ્રથમ નંબરે આવે. આજે માત્ર અમદાવાદ જિલ્લામાં ધોરણ ૮ માંથી પાસ થયેલા ૧૦,૦૦૦ જેટલા વિધાર્થીઓ ડ્રોપ આઉટ થતા શિક્ષણક્ષેત્રે ભાજપ સરકારની મોટા મોટા દાવા કરતી જાહેરાતોની પોલ ખુલ્લી પડી છે.

ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ પોતાના છબરડાઓ છુપાવવા માંગે છે. શાળાઓનો ડ્રોપાઉટ રેશિયો ખૂબ જ વધી ગયો છે અને આ વધેલા ડ્રોપાઉટ રેશિયોના કારણે ભારતીય જનતા પાર્ટીના શાસનની શિક્ષણની નિષ્ફળતાઓ બહાર ના આવે તેના માટે આજે રવિવારે ગુજરાતના શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવના આદેશથી રજાના દિવસે પણ અમદાવાદ જિલ્લાની તમામ શાળાઓના આચાર્યને શિક્ષકોને અને કોમ્પ્યુટર સ્ટાફને બોલાવીને ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓનો સંપર્ક કરીને તેમને યેનકેન પ્રમાણે ફરીથી ભણતા કરવા માટેના નિષ્ફળ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર ધોરણ ૮ માંથી ધોરણ ૯ માં ન ગયેલા અને એડમિશન ન લીધેલા માત્ર અમદાવાદ જિલ્લાના ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે આને જો પ્રોરેટા પ્રમાણે ગણવામાં આવે તો આ આંકડો સમગ્ર ગુજરાતનો માત્ર ધોરણ ૮માંથી ૯માં એડમિશન ન લઈને ડ્રોપ આઉટ થનારા વિદ્યાર્થીઓનો હોઇ શકે છે જે એક લાખથી વધુ હોઈ શકે છે. જે ગુજરાતના શિક્ષણ માટે ખૂબ જ ગંભીર બાબત છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારની નિષ્ફળતા સાબિત કરે છે.


હેમાંગ રાવલ

મીડિયા કો કન્વીનર, પ્રવક્તા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

9898233038